માતા-પિતા તુમ મેરે, શરણ ગહુ કિસકી, તુમ બિન ઓર ન દૂજા, આશ કરુ જિસકી

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૯૨૫ |
| અમદાવાદ | ૧૭૩ |
| ગાંધીનગર | ૩૮ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૨૭ ૧૬ જુલાઈ, ૨૦૨૦, ગુરૂવાર; અષાઢ વદ - ૧૧ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# હું ભાજપમાં જોડાવાનો નથી : પાયલોટ

**કોંગ્રેસમાંથી હકાલપટ્ટી બાદ નેતા પત્રકારો સમક્ષ હાજર થયા : ભાજપ સાથે લિંક કરીને મને બદનામ કરાઈ રહ્યો છે, ગાંધી પરિવાર દ્વારા સચિન પાયલોટને પક્ષમાં રહી જવા જણાવાયું**



નવી દિલ્હી, તા. ૧૫

રાજસ્થાનના નાયબ મુખ્યમંત્રી અને પ્રદેશ અધ્યક્ષપદેથી સચિન પાયલોટની હકાલપટ્ટી બાદ એવી અટકળો વહેતી થઈ હતી કે તેઓ ભાજપમાં સામેલ થઈ શકે છે. જોકે, સચિન પાયલટે આ તમામ અટકળો પર પૂર્ણવિરામ લગાવતાં બુધવારે જણાવ્યું છે કે, તેઓ ભાજપમાં સામેલ થવાના નથી. બીજી તરફ, તેમને ગાંધી પરિવાર દ્વારા પાર્ટીમાં રહી જવા માટે કહેવાયું છે. જોકે, તેના માટે તેમણે માફી માગવી જોઈએ તેમ પાર્ટીના કેટલાક સભ્યો માને છે. શશી થરુર સહિતના સાંસદોએ તો પાયલોટની હકાલપટ્ટીને દુઃખદ પણ ગણાવી છે. પાયલોટે મીડિયા સાથે વાત કરતાં જણાવ્યું હતું કે, હું સ્પષ્ટ કરવા માગું છુ કે મારી ભાજપમાં સામેલ થવાની કોઈ યોજના નથી. ભાજપની સાથે લિંક કરીને મારી છબિ ખરાબ કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. હું અત્યારે પણ કોંગ્રેસ પાર્ટીનો સભ્ય આગળ શું કરવું છે તેના પર હજુ હું લઈ રહ્યો છું. હુ રાજસ્થાનના લોકોની સેવા કરવા માગું છું.

● અનુસંધાન પાન-૭ પર

## પાઈલોટ સરકાર ઊથલાવવાના ષડયંત્રનો હિસ્સો હતા : ગેહલોત

**રાજસ્થાનના મુખ્યપ્રધાને પાઈલટ પર પ્રહાર કરતા ભાજપે ધારાસભ્યો તોડવા હોર્સ ટ્રેડિંગ કર્યું જેમાં પાઈલોટ પણ સમોલ હોવાનો આક્ષેપ કર્યો**

જયપુર, તા. ૧૫

રાજસ્થાનના મુખ્ય પ્રધાન અશોક ગેહલોતે બુધવારે સચિન પાયલોટ અને તેના ટેકેદારોના બળવા પર ઉગ્ર રોષ ઠાલવ્યો હતો. તેમણે મીડિયાને કહ્યું કે ૨૦ કરોડનો સોદો થઈ રહ્યો હતો, તેમની પાસે પુરાવા છે. તેઓ ષડયંત્રનો એક ભાગ હતા,જેની સચિન પાયલોટ આગેવાની કરી રહ્યા હતા,અને તેઓ નામો પૂછતા હતા, મોબાઈલ નંબર માગી રહ્યા હતા. તેમણે કહ્યું કે સારું અંગ્રેજી બોલવું, સ્મિત આપવું પૂરતું નથી. દેશમાં હોર્સ ટ્રેડિંગ થઈ રહ્યું છે, જે દેશને બરબાદ કરશે? મીડિયા તે જોતું નથી? તેમણે આ પ્રસંગે કેટલાક મીડિયા માણસોની ટીકા પણ કરી હતી. તેમણે કહ્યું કે 'સોનાની છરી પેટમાં ખાવા માટે નથી હોતી'. આ અગાઉ મંગળવારે અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના રાષ્ટ્રીય મહામંત્રી અને રાજસ્થાનના પક્ષ પ્રભારી અવિનાશ પાંડેએ મંગળવારે રાજ્ય કોંગ્રેસ સમિતિની કારોબારી, તમામ વિભાગો, સેલને તાત્કાલિક અસરથી વિસર્જન કર્યું હતું. આ સાથે, પાંડેએ એક નિવેદન



બહાર પાડીને રાજસ્થાન પ્રદેશ કોંગ્રેસ સમિતિના નવા અધ્યક્ષ ગોવિંદસિંહ દોતાસરાની નિમણૂક સાથે નવી રાજ્ય કારોબારી, વિભાગો અને કોષોની ફરીથી રચનાની ઘોષણા કરી હતી. બીજી તરફ, અશોક ગેહલોતે મંગળવારે રાજ્યપાલ કલરાજ મિશ્રાને મળ્યા અને સચિન પાયલોટ અને તેના

● અનુસંધાન પાન-૭ પર

## કોરોનાના ક્રિકેટ શિડ્યુલમાં મોટા ફેરફારની સંભાવના

**બીસીસીઆઈ, કેન્દ્ર અને રાજ્ય સરકારની મંજૂરી વિના કશું ન કરી શકે : ભારતની સાઉથ આફ્રિકા સામે રમાનારી વન-ડે સીરિઝ પર પાણી ફરી વળ્યું : આઈપીએલની ૧૩મી સીઝનનું પ્લાનિંગ પણ બંધ કરવાની ફરજ પડી હતી**

નવી દિલ્હી, તા. ૧૫

માર્ચ મહિનામાં કોરોના વાયરસના કેસો સામે આવતા ભારતની સાઉથ આફ્રિકા સામે ઘરઆંગણે રમાનારી વન-ડે સીરિઝ પર પાણી ફરી વળ્યું હતું. જોકે આ બાદ આઈપીએલની ૧૩મી સીઝનનું પ્લાનિંગ પણ બંધ કરવું પડ્યું. સતત વધી રહેલા કોરોનાના કારણે ભારતીય ટીમની આગામી વર્ષની - સીઝન સુધી ઘરઆંગણે કે વિદેશમાં રમાતી તમામ સીરિઝમાં ફેરફાર થઈ શકે છે. જેમ કે, મ્ઝ્રઝ્રૈં પહેલા જુલાઈના મધ્યમાં સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ ધરાવતા ક્રિકેટરો માટે નેશનલ કેમ્પનું આયોજન કરવાનું હતું, જોકે લોકડાઉન વધતા અને ફ્લાઈટ ટ્રાવેલ તથા હોસ્પિટાલિટીની ચિંતા વચ્ચે મ્ઝ્રઝ્રૈંને તેનો પ્લાન પાછળ કરવો પડ્યો. બોર્ડના પ્લાન વિશે જાણકાર વ્યક્તિએ જણાવ્યું હતું કે, ધ્યાન રાખો કે, મ્ઝ્રઝ્રૈં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની મંજૂરી વિના કશું ન કરી શકે. હવે ઓગસ્ટના પહેલા અઠવાડિયામાં બેંગલોરમાં જ્યાં નેશનલ ક્રિકેટ એકેડમી આવી છે, ત્યાં સ્થિતિ સુધરે તેવી આશા કરાઈ રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૩૫૪૩૮૨૭ | ૫૮૩૩૦૬ | ૭૩૪૮૩૯૩ |
| ભારત | ૯૫૯૯૯૩ | ૨૪૮૬૫ | ૬૦૯૮૩૧ |
| ગુજરાત | ૪૪૬૪૮ | ૨૦૮૧ | ૩૧૩૪૬ |
| ગાંધીનગર | ૧૦૭૨ | ૬૬ | ૬૭૭ |

## કોરોના અનસ્ટોપેબલ : નવા ૩૦ હજારથી વધુ કેસ

ન્યુ દિલ્હી,તા.૧૫

અનલોક-૨માં અપાયેલી છૂટછાટો ભારે પડી રહી હોય તેમ મંગળવારે અત્યાસુધીમાં સૌથી શહેરો અને બિહારમાં ફરીથી લોકડાઉનની સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. આજે બુધવારે સવારે છેલ્લાં ૨૪ કલાકના કેસોની આ સમયગાળામાં વધુ ૨૦,૯૭૬ દર્દીઓ સાજા થયા હતા. અને સારવાર હેઠળ હોય તેવા સક્રિય કેસોની સંખ્યા

**દેશમાં કોરોનાનો કુલ આંક ૯.૩૭ લાખને પાર : ૨૪ કલાકમાં ૫૮૨ના મોત**



વધુ ૩૦ હજાર જેટલા કેસો એક જ દિવસમાં સામે આવતાં એક નવો રેકોર્ડ નોંધાયો હતો. આ સમયગાળામાં વધુ ૫૮૭ના મોત થયા હતા. કેસો વધતાં કેટલાક આંકડાકિય માહિતી જાહેર થતાં ૨૯,૯૧૭ જેટલા કેસો સામે આવ્યાં હતા. આ સાથે જ કુલ કેસોની સંખ્યા વધીને ૯,૩૭,૫૬૨ પર પહોંચી હતી. ૩,૧૯,૭૭૦ થઈ હતી. કુલ મૃત્યુઆંક વધીને ૨૪,૩૧૫ થયો હતો. દરમ્યાનમાં, કેસો વધતાં આસામ, અરુણાચલ પ્રદેશ, મેઘાલય અને બિહાર જેવા

## છેલ્લે... છેલ્લે...

- ૧૭ જુલાઈએ યુએનની ૭૫મી વર્ષગાંઠ પર મોદીનુ સંયુક્ત રાષ્ટ્રમાં સંબોધન
- અમેરિકાએ વિદેશી વિદ્યાર્થીઓના વીઝા રદ કરવાનો નિર્ણય પાછો ખેંચ્યો
- દેશમાં લૉકડાઉન લાગુ કરવાની કોઈ યોજના નથી : કેન્દ્ર સરકારની સ્પષ્ટ વાત
- મધ્યપ્રદેશના સિંગ્રોલી જિલ્લામાં લાખો ટન સોનાનો ભંડાર મળ્યો.
- કોરોનાથી મૃત્યુ પામનારના અંતિમ સંસ્કાર માટે આંધ્રસરકાર ૧૫ હજાર રૂપિયા આપશે.
- આસામમાં કાંજીરંગા નેશનલ પાર્કના પૂરથી ૭૭ પશુઓના મોત
- બિહાર ભાજપના પ્રદેશ અધ્યક્ષ કોરોના પોઝિટિવ

## કૌશલ્યને નીખારતા રહેવું એજ વર્તમાન સમયનો મંત્ર છે: મોદી

**સ્કિલ ઈન્ડિયા મિશનના પાંચ વર્ષ પૂર્ણ થવાના અવસરે પીએમનું વર્ચ્યુઅલ સંબોધન : નાની-મોટી દરેક સ્કિલ આત્મનિર્ભર ભારતની તાકાત બનશે, આજનો યુગ સ્કિલ, રી-સ્કિલ અને અપસ્કિલનો છે, સમય અનુસાર સ્કિલમાં બદલાવ કરવો જરૂરી**

ન્યુ દિલ્હી,તા.૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ



વર્લ્ડ યૂથ સ્કિલ્સ ડેના પ્રસંગે બુધવારે ડિજિટલ કોક્લેવમાં સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું કે દેશના યુવાનોને વિશ્વની જરૂરિયાતો વિશે ચોક્કસ માહિતી આપવાની કોશિશ કરી રહ્યાં છીએ. નાની-મોટી દરેક સ્કિલ આત્મનિર્ભર ભારતની મોટી તાકાત બનશે. સફળ વ્યક્તિની એ નિશાની હોય છે કે તે દરેક સ્કીલ વધારવા માટે નવીનવી તકો શોધે છે. કઈક શીખવાની ઈચ્છા ન થવાથી જીવન થંભી જાય છે.

સ્કિલ માણસને ક્યાંથી ક્યાં પહોંચાડી શકે છે. સફળ વ્યક્તિની એ નિશાની હોય છે કે તે સ્કીલ વધારવા માટેની કોઈ તકને જવા દેતો નથી પરંતુ નવી-નવી તકો શોધતો રહે છે. કઈ શીખવાની ઉત્સુકતા ન હોય તો જીવન અટકી જાય છે. સ્કિલ પ્રત્યે આકર્ષણ જીવવાની તાકાત આપે છે.

## જિયો આવતા વર્ષે 5-G સર્વિસ લોન્ચ કરશે


**રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝની ૪૩મી એન્યુઅલ મિટિંગમાં મુકેશ અંબાણીની મોટી જાહેરાત : ગુગલ જિયો પ્લેટફોર્મમાં ૩૩૭૩૭ કરોડનું રોકાણ કરશે, ૭.૭ ટકા હિસ્સેદારી ખરીદશે**

મુંબઈ,તા.૧૫

માર્કેટ કેપના આધારે દેશની સૌથી મોટી કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની ૪૩મી એન્યુઅલ મીટિંગ(છય્સ્) યોજાઈ હતી. આ મીટિંગને સંબોધિત કરતા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ મોટી જાહેરાત કરી. તેમણે કહ્યું કે ગૂગલ કંપનીમાં ૩૩ હજાર ૭૩૭ કરોડ રૂપિયાનું રોકાણ કરશે.

આ સિવાય તેમણે કહ્યું કે અમે ઘરેલું સ્તરે વિકસિત ૫જી સોલ્યુશન ટ્રાયલ માટે તૈયાર છીએ. આ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારતના અભિયાનને સમર્પિત હશે.

● અનુસંધાન પાન-૭ પર



## દેશમાં કોરોના વાયરસની બે રસીઓના માનવ પરીક્ષણને મંજુરી : ICMR

ન્યુ દિલ્હી,તા.૧૫

ભારતીય તબીબી સંશોધન પરિષદએ મંગળવારના રોજ કહ્યું કે કોરોના વાયરસની રસીનું દેશમાં માનવ પરીક્ષણ શરૂ કરી દેવામાં આવ્યું છે. ભારતમાં કોરોનાની બે રસીઓના માનવ પરીક્ષણ માટે લગભગ એક હજાર સ્વયંસેવકો સામેલ થયા છે. ભારતીય મેડિસિનના કન્ટ્રોલર જનરલે બે રસીઓના પહેલા અને બીજા ચરણના માનવ પરીક્ષણને પરવાનગી આપી દીધી છે.

ભારતીય તબીબી સંશોધન પરિષદના ડાયરેક્ટર ડોક્ટર બલરામ ભાર્ગવે દેશમાં બનાવવામાં આવેલી બે રસીઓના સંદર્ભમાં કહ્યું કે, ભારત દુનિયામાં સૌથી વધારે રસીઓ બનાવતા દેશોમાંથી એક છે. તેથી કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટેની રસી બનાવવાની પ્રક્રિયાને ઝડપી કરવી તે દેશની નૈતિક ફરજ છે.

ભારતીય મેડિસિનના કન્ટ્રોલર જનરલે જે બે રસીઓના પરીક્ષણ માટેની પરવાનગી આપી હતી તેમાંથી એક રસી ભારત બાયોટેક ઈન્ટરનેશનલ લિમિટેડે ભારતીય તબીબી સંશોધન પરિષદની સાથે મળીને વિકસાવી છે, જ્યારે બીજી રસી જાયડસ


● અનુસંધાન પાન-૭ પર







દુઃખદ અવસાન



દિલગીરી સાથે જણાવવાનું કે મારા દિકરા
**શ્રી વનરાજસિંહ (કનુભાઈ) સોનસિંહ વાઘેલા નું**
તા.૧૪/૦૭/૨૦૨૦ને મંગળવારે દુઃખદ અવસાન થયેલ છે.
(જન્મ તા.૧૫-૦૪-૧૯૬૯ = સ્વર્ગવાસ તા.૧૪-૦૭-૨૦૨૦)

**પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સદ્‌ગતનું બેસણું તથા રાત્રી બેસણું પણ રાખેલ નથી.**

સોનસિંહ ગુલાબસિંહ વાઘેલા (પિતા) (મો.૯૪૨૬૦ ૧૭૩૪૮)
હેમલતાકુંવરબા વનરાજસિંહ વાઘેલા (પત્ની) (મો.૯૫૩૭૭ ૮૯૯૨૯)
રૂષિરાજસિંહ વનરાજસિંહ વાઘેલા (પુત્ર)
શિવપાલસિંહ વનરાજસિંહ વાઘેલા (પુત્ર)
કિરીટસિંહ પૃથ્વીસિંહ રાઓલ (જમાઈશ્રી) (મો.૯૮૨૪૩ ૯૦૯૯૧)
રંજનબા કિરીટસિંહ રાઓલ (દીકરીબા) (૯૯૨૪૭ ૪૫૧૮૫)
સિધ્ધાર્થસિંહ કિરીટસિંહ રાઓલ (ભાણેજ)
કુલદીપસિંહ કિરીટસિંહ રાઓલ (ભાણેજ)

સમસ્ત વાઘેલા અલુભા કાળુભા પરિવાર (વાસન, ગાંધીનગર)